| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | સરકાર માન્ય આઇ.ટી.આઇ.માંથી ફાયરમેન/ફાયર ટેક્નોલોજી અને ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટ અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી પાસ હોવા જોઇએ.<br>(II) સીસીસી પરીક્ષા પાસ<br>(III) હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઇએ.<br>(૩) અનુભવ:-<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા ડ્રાઇવર કમ પંપ ઓપરેટરની કામગીરીનો બે વર્ષનો અનુભવ અથવા અન્ય જગ્યાએ હેવી મોટર વાહન ચલાવવાનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતાં હોવા જોઇએ.<br>**(૪) વયમર્યાદા :-** ૩૫ વર્ષથી વધુ નહી | | | | | | | | | | | |
| ૬ | ફાયરમેન કમ ડ્રાઇવર | ૧૨ | ૩ | (૧) સીધી ભરતીથી પસંદગીમાં નિમણુંક થવા માટે માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરિક્ષા એચ.એસ.સી. (ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇએ.<br>(૨) રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર માન્ય સંસ્થામાંથી ફાયરમેન/ફાયર ટેક્નોલોજી અથવા સમકક્ષ કોર્ષ સરકાર માન્ય સંસ્થામાંથી પાસ હોવા જોઇએ.<br>(૩) સીસીસી પરીક્ષા પાસ<br>(૪) લાઇટ/હેવી મોટર વ્હીકલ લાયસન્સ ફરજીયાત હોવું જોઇએ.<br>(૫) સ્વીમીંગની જાણકારી જરૂરી છે.<br>(૩) અનુભવ:-<br>ફાયર સેવાઓમાં ફાયરમેન અથવા સમકક્ષ જગ્યા પર સળંગ નોકરીનો એક વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.<br>(૪) વયમર્યાદા :- ૩૫ વર્ષથી વધુ નહી | ૫ | ૨ | ૧ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧૨ |

૧. ઉપરોક્ત જગ્યાઓ માટેની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી ૩૦ દિવસ સુધીમાં ચીફ ઓફિસરશ્રી, ........, નગરપાલિકા, તા............., જી............. ખાતે ફક્ત રજીસ્ટર પોસ્ટ અથવા સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

૨. અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઇઝ ફોટા નંગ-૦૧, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાતની સ્વપ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારે જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩. ઉપરોક્ત તમામ જગ્યાઓ માટે અરજી સાથે બિનઅનામત વર્ગના અરજદારે રૂ.૫૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ, ચીફ ઓફિસરશ્રી, ....... નગરપાલિકાના નામથી મોકલવાની રહેશે. અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ તથા શૈક્ષણિક પછાતવર્ગના તથા આર્થિક નબળા વર્ગના ઉમેદવારે પણ કોઇ ફી ભરવાની રહેશે નહિ.

૪. અરજી કવર ઉપર જે જગ્યા માટે અરજી કરેલ હોય તે જગ્યાનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૫. વય મર્યાદા સરકારશ્રીના નિતિ નિયમ મુજબની રહેશે. તેમજ અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના નિયમ મુજબ ઉંમરમાં છુટછાટ મળવા પાત્ર થશે. અરજી સ્વીકારવાની છેલ્લી તારીખે નિયત શૈક્ષણિક લાયકાત, જરૂરી વયમર્યાદા તથા નિયત અનુભવ ધરાવતાં હોવા જોઇશે.

૬. દરેક જગ્યા માટે ઉમેદવારે અલગ અરજી કરવાની રહેશે.

૭. એક જ અરજીપત્રકમાં એક કરતા વધુ જગ્યા માટે અરજી કરેલ હશે તો અરજીપત્રક રદ ગણવામાં આવશે.

૮. અરજીપત્રક નગરપાલિકાની મહેકમ શાખામાંથી રૂબરૂમાં, ઇ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૯. અધુરી ફી, સમય મર્યાદાબાદ મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં અને આ અંગે કોઇ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહીં.

૧૦. આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રકિયામાં કોઇપણ કારણોસર ફેરફાર કરવાની કે સંપૂર્ણ અથવા અંશતઃ રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે નગરપાલિકાનો સંપૂર્ણ અબાધિત હક્ક/અધિકાર રહેશે. નગરપાલિકા આ માટે કોઇ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહિ.જગ્યાઓની સંખ્યા અંદાજિત છે. જે ફેરફારને પાત્ર રહેશે.

૧૧. અનામત વર્ગના ઉમેદવાર સામાન્ય જગ્યા ઉપર અરજી કરે છે તો અનામતના કોઇ લાભ મળવાપાત્ર રહેશે નહિ. અને સામાન્ય વર્ગના ઉમેદવાર તરીકેની શરતો લાગુ પડશે.

૧૨. માન્ય તમામ સંવર્ગના ઉમેદવારોની સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવશે. પરિક્ષાનો અભ્યાસક્રમ નિયામકશ્રી, અગ્નિશમન સેવા દ્વારા નિયત કર્યા મુજબનો રહેશે. જે અંગેની જાણ માન્ય ઉમેદવારોને અલગથી કરવામાં આવશે.

૧૩. સરકારશ્રીની નીતિ અનુસાર વર્ગ-(૨) સંવર્ગના અધિકારીઓની તેઓને મળવાપાત્ર કાયમી પગાર ધોરણમાં પ્રથમ ૨ (બે) વર્ષ માટે અજમાયશી નિમણૂંક આપવામાં આવશે. જ્યારે વર્ગ-(૩ )સંવર્ગના કર્મચારીઓની પ્રથમ નિમણૂંક ૫ (પાંચ) વર્ષના ફીક્સ પગારથી કરવામાં આવશે. વર્ગ-(૩) સંવર્ગના કર્મચારીઓનો કરારીય સમયગાળો પૂર્ણ થયેથી તેઓને નગરપાલિકાના પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર પગાર-ભથ્થા મળવાપાત્ર થશે.

૧૪. (૧) શારીરીક રીતે તંદુરસ્ત હોવા જોઇએ. (૨) લાલ, લીલા કલરના તફાવત જાણી શકતા હોવા જોઇએ. (૩) ઉંચાઇ:- પુરુષો માટે:- તમામ ઉમેદવાર-૧૬૫ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર- ૧૬૨ સે.મી., મહિલા માટે:- તમામ ઉમેદવાર- ૧૫૮ સે.મી. અને અનુસુચિત જન જાતિ ઉમેદવાર-૧૫૬ સે.મી. (૪) વજન :- પુરૂષો માટે ૫૦ કિ.ગ્રા. લઘુત્તમ, મહિલા માટે ૪૦ કિગ્રા. લઘુત્તમ (૫) છાતી :- સામાન્ય - ૮૧ સે.મી. ફુલાયેલી - ૮૬ સે.મી. (ફક્ત પુરૂષો માટે), ઉપરાંત શારિરીક કસોટીમાં ઉતીર્ણ થવાનું રહેશે.શારિરીક કસોટીના માપદંડોની માહિતી ઇ-નગર પોર્ટલ (https://enagar.gujarat.gov.in) તથા નગરપાલિકાના નોટીસબોર્ડ પર મુકવામાં આવશે.

## રાજ્યની ૩૨ વિભાગીય નગરપાલિકાઓ (ફાયર)ની યાદી

| ક્રમ | ઝોનનું નામ | જિલ્લાનું નામ | ન.પા.નું નામ | ન.પા..નો વર્ગ |
|---|---|---|---|---|
| 1 | અમદાવાદ | અમદાવાદ | ધોળકા | બ |
| 2 | | બોટાદ | બોટાદ | અ |
| 3 | | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | અ |
| 4 | | ખેડા | નડીયાદ | અ |
| 5 | ગાંધીનગર | ગાંધીનગર | માણસા | ક |
| 6 | | સાબરકાંઠા | હિંમતનગર | બ |
| 7 | | મહેસાણા | મહેસાણા | અ |
| 8 | | બનાસકાંઠા | પાલનપુર | અ |
| 9 | | પાટણ | પાટણ | અ |
| 10 | | અરવલ્લી | મોડાસા | બ |
| 11 | વડોદરા | આણંદ | આણંદ | અ |
| 12 | | પંચમહાલ | ગોધરા | અ |
| 13 | | દાહોદ | દાહોદ | બ |
| 14 | | છોટાઉદેપુર | છોટા ઉદેપુર | ક |
| 15 | | મહિસાગર | લુણાવાડા | ક |
| 16 | | વડોદરા | કરજણ | ક |

| ક્રમ | ઝોનનું નામ | જિલ્લાનું નામ | ન.પા.નું નામ | ન.પા..નો વર્ગ |
|---|---|---|---|---|
| 17 | સુરત | નર્મદા | રાજપીપલા નગરપાલિકા | ક |
| 18 | | નવસારી | નવસારી | અ |
| 19 | | વલસાડ | વલસાડ નગરપાલિકા | અ |
| 20 | | ભરૂચ | ભરૂચ | અ |
| 21 | | સુરત | બારડોલી | બ |
| 22 | | તાપી | વ્યારા | ક |
| 23 | ભાવનગર | ગીર સોમનાથ | વેરાવળ-પાટણ સંયુકત નગરપાલિકા | અ |
| 24 | | અમરેલી | અમરેલી | અ |
| 25 | | ભાવનગર | તળાજા | ક |
| 26 | | જુનાગઢ | કેશોદ | બ |
| 27 | રાજકોટ | રાજકોટ | ગોંડલ નગરપાલિકા | અ |
| 28 | | મોરબી | મોરબી | અ |
| 29 | | જામનગર | કાલાવડ | ક |
| 30 | | પોરબંદર | પોરબંદર | અ |
| 31 | | દેવભુમિ દ્વારકા | ખંભાળીયા | ક |
| 32 | | કચ્છ | ભુજ | અ |